# ભાવનગરમાં વ્યાજખોરોએ દિકરીના અપહરણની ધમકી આપી અને પિતાએ આપઘાત કરી લીધો

**વ્યાજખોરો અઢી વર્ષથી વ્યાજ લેતા હતા, પઠાણી ઉઘરાણી શરૂ કરી અને છેલ્લે દિકરીનું અપહરણ કરવાની વાત વ્યાજખોરોએ કરી અને એક દિકરીનો બાપ હચમચી ગયો, લાચાર બાપે વ્યાજખોરોના ત્રાસથી જીવનનો અંત આણી દીધો**

**ભાવનગરના પ્રત્યેક લાચાર અને ગરીબ વ્યક્તિની વાસ્તવિકતા વર્ણવતી આ ઘટના પાષાણ હૃદયના માનવીના કાળજા કંપાવી દે તેવી છે : ભાવનગરમાં વ્યાજનું આ દુષણ એટલી હદે ફુલ્યુફાલ્યું છે કે, તેને નિયંત્રણમાં લેવાની ઈચ્છાશક્તિ ધરાવતા જાંબાઝ પોલીસ અધિકારીઓની આ ગામને જરૂર છે**

ભાવનગર, શુક્રવાર

ભાવનગર શહેરના ઘોઘારોડ બાલયોગીનગર ખાતે રહેતા અને રીક્ષા ચલાવી પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા લખાભાઇ નાજાભાઇ રાઠોડ (ઉ.વ.૪૨) નામના યુવાને ગઇકાલે રાત્રિના તેમના ઘેર ગળાફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી. આ ઘટનાને લઇ મૃતકની પુત્રી હરિસિધ્ધિ (ઉ.વ.૨૨)એ સ્થાનિક બી ડીવીઝન પોલીસ મથકમાં ચાર વ્યક્તિઓ સામે ફરિયાદ નોંધાવી છે અને તેણીએ ફરિયાદમાં નોંધાવ્યું છે કે, તેના પિતાએ આ ચાર વ્યક્તિઓ પાસેથી ઉંચી ટકાવારી સાથે રૂપિયા વ્યાજે લીધા હતા. છેલ્લા ૧૩ મહિનાથી તેના પિતા આ ચાર વ્યક્તિઓને વ્યાજ આપતા હતા. પરંતુ વ્યાજની ઉઘરાણી અને મુળ રકમની ઉઘરાણી સહિતની બાબતો પઠાણી ઢબે શરૂ થતા અને એ પઠાણી ઢબની રીતરસમોથી પણ આગળ વધી આ ચાર વ્યક્તિઓએ અત્યંત હલકી કક્ષાએ જઇ તેના પિતાને તેની દિકરીનું રૂપિયા ન આપો તો અપહરણ કરીને લઇ જશું તેવી ધમકી આપતા એક લાચાર પિતાએ આ દુનિયાને અલવિદા કરી દીધી હતી. પાષાણ હૃદયના માનવીના કાળજાને પણ કંપાવી દે તેવી આ ઘટના ખૂબ જ ગંભીર છે. એક પિતાને

અનુસંધાન ૭

## આપઘાત કરનાર પિતાની સુસાઇડ નોટ મળી, વ્યાજખોરો મને જીવવા દેતા નથી

ભાવનગર, શુક્રવાર

આ લખાય છે ત્યારે સવારના ૧૧-૨૦ કલાકે મળી રહેલા અહેવાલોમાં આપઘાતની અને વ્યાજખોરોની ગંભીર ઘટનાને લઇ તપાસનીશ પોલીસ અધિકારી પીઆઇ ઇસરાણી અને રાઇટર પ્રાણલાલ ધાંધલ્યા અત્યારે ઘોઘારોડ બાલયોગીનગર ખાતે લખાભાઇ નાજાભાઇ રાઠોડના ઘરે તપાસ માટે ગયા અને તપાસ શરૂ છે. તપાસ દરમિયાન પોલીસને એક સુસાઇડ નોટ મળી છે જે સુસાઇડ નોટ આપઘાત કરનાર લખાભાઇ નાજાભાઇ રાઠોડે લખી હોવાનું પોલીસ કહે છે. આ સુસાઇડ નોટમાં લખાભાઇએ એવું લખ્યું છે કે, વ્યાજખોરો છેલ્લા એક વર્ષથી તેને હેરાન-પરેશાન કરે છે. તેઓ ૧૩ મહિનાથી વ્યાજ ભરે છે. દર મહિને ૪૨૦૦૦ રૂપિયા તેઓ વ્યાજ ભરતા હતા. સમાજની આ કરૂણ વાસ્તવિકતા અહીં રજૂ થાય છે.

સુસાઇડ નોટમાં વિશેષ વિગતો શું લખી છે તે વાતને અહીં કોરાણે મુકીએ તો કલ્પના એ વાતની કરો કે, આપઘાત કરનાર વ્યક્તિએ જીવનનો અંત આણવાનો વિચાર ક્યારે કર્યો હશે ? વ્યાજખોરો જે ભાષામાં વાત કરે છે તે ભાષા તો જેણે સાંભળી હોયને તે જ સમજી શકે. એકની એક વાત તમે સો વાર સ્પષ્ટતા કરો તો પણ તે વારંવાર તમારી સાથે કરે અને તેમને જે રીતે માનસિક ટોર્ચરીંગ કરી અને જે વ્યથા આપે અને તે પણ પરિવારની વ્યક્તિની સાથે બેઠા હોય ત્યારે અને ત્યારે ફોન પર જે ખુલાસા કરવાના આવે અને ત્યારે પરિવારના મોભી તરીકે પત્નીની હાજરીમાં, સંતાનોની હાજરીમાં શું બોલવું અને શું કહેવું ? તેની એક વ્યથા શબ્દોમાં વર્ણવવી અઘરી છે. ભાવનગરમાં પ્રત્યેક ઘરમાં વ્યાજખોરોનું દુષણ એટલી હદે ઘુસ્યું છે કે, આ વ્યાજખોરોના કારણે અનેક લોકો બ્લડપ્રેશર, ડાયાબીટીસ, માનસીક બેચેની અને શરીરમાં અનેક પ્રકારના રોગો દાખલ થઇ રહ્યાં છે અને અનેક પરિવારો બર્બાદ થઇ રહ્યાં છે.

## ભાજપના અમિત શાહે બીજા નોરતે માણસામાં કુળદેવીની આરતી કરી

**ગુજરાત પ્રવાસના પહેલા દિવસે થલતેજ પોતાના નિવાસસ્થાને પરિવાર સાથે રહ્યાં : ગૃહમંત્રીને મળ્યા બાદ રાજ્યની સ્થિતિ જાણી**



ભાવનગર, શુક્રવાર

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ બે દિવસના ગુજરાત પ્રવાસે છે. પહેલો દિવસ તેમણે પરિવાર સાથે વિતાવ્યો હતો અને રાત્રે માણસામાં પોતાના પૈતૃક ગામમાં આવેલા કુળદેવીના દર્શન કરીને સહપરિવાર માતાજીની આરતી ઉતારી હતી.

અમિત શાહ પોતાના ગુજરાત પ્રવાસના પહેલા દિવસે થલતેજ સ્થિત પોતાના નિવાસે પહોંચ્યા હતા. પ્રથમ દિવસ રાજકારણને મૂકીને માત્ર પરિવારને જ આપ્યો હતો. જો કે, રાજ્યના ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજા અમિત શાહને મળ્યા હતા. ગુજરાતમાં હાલ સ્થિતિ ખરાબ છે. પરપ્રાંતીય પર થતાં હુમલાને પગલે તેઓ ગુજરાત છોડીને પલાયન થઈ રહ્યા છે. તેવી સ્થિતિમાં ગુજરાતમાં પરપ્રાંતીયોને પરત લાવવાની પ્રક્રિયા અને આયોજન પર તેઓ ભાજપના કાર્યકરો અને નેતાઓ સાથે ચર્ચા વિચારણા આજે કરી શકે છે. ગુજરાતમાં પરપ્રાંતીયો પર અઠવાડિયાથી હુમલાના બનાવો સામે આવ્યા છે. ત્યારે અમિત શાહ બિન ગુજરાતી સંગઠનો સાથે બેઠક કરી શકે છે.

## ભાવનગરમાં હવે બાકી હતું તો મહાપાલિકાએ ફોરવ્હીલ વાહનો પણ જપ્ત કરવાનું શરૂ કર્યું !

**એક તરફ ટ્રાફિક પોલીસની ઝુંબેશ, લોકોને ધડાધડ દંડ : બીજી તરફ જીએસટીના અધિકારીઓ દરોડાઓ પાડે છે, ત્રીજી તરફ નાના-નાના વેપારીઓને ત્યાં ઝબલા ડ્રાઈવથી માંડી અનેક રામાયણો અને મિઠાઇ-ફરસાણના વેપારીઓને ત્યાં પણ તપાસ-દંડ : એક તો આ ગામમાં વેપાર-ધંધા છે નહીં, મોંઘવારીએ માઝા મુકી છે, લોકોએ જીવવું કેમ ?**

ભાવનગર, શુક્રવાર

ભાવનગર મહાપાલિકા દ્વારા ગઇકાલે ૧૦ જેટલા ફોરવ્હીલ વાહનો જપ્ત કરવામાં આવ્યા છે. મહાપાલિકાનું કહેવું છે કે, બીએમડબલ્યુ, ફોરચ્યુનર, ફોર્ડ, એસ્ટીમ, સ્પાર્ક સહિતની લાખો રૂપિયાની કિંમતની ગાડી મહાપાલિકાએ જપ્ત કરી છે. આ લોકોએ વાહન કર ભર્યો ન હતો એટલે વાહનો કબ્જે કર્યા છે. મહાપાલિકાએ આજે ચેતવણી પણ આપી છે કે, તમામ વાહન ધારકોએ વાહનકર વહેલામાં વહેલી તકે ભરપાઇ કરી દેવો અન્યથા જપ્તી થશે.

અત્રે અહીં એક વાત ટાંકવી જરૂરી એટલા માટે છે કે, ગઇકાલથી મહાપાલિકાએ આ કામગીરી શરૂ કરી. નવરાત્રિ શરૂ છે, દિવાળીના તહેવારો નજીકમાં આવી રહ્યાં છે. ચોમેર મંદીનો માહોલ છે. લોકો આર્થિક મુશ્કેલીનો સામનો કરે છે સાથોસાથ મોંઘવારીનો સામનો પણ લોકો કરી રહ્યાં છે. લોકો માર્ગ પરથી નિકળે એટલે ટ્રાફિક પોલીસની ઝુંબેશ શરૂ હોય છે. ટ્રાફિક પોલીસ વાહન ચાલકોને પકડે છે, દંડ ફટકારે છે, વાહન કબ્જે કરે છે. બીજી તરફ જીએસટીના અધિકારીઓ ઠેર-ઠેર દરોડા પાડે છે. મહાપાલિકાના વિવિધ વિભાગના અધિકારીઓ શહેરના વેપારીઓને ત્યાં ઝબલા ડ્રાઇવ કે અન્ય કોઇ ડ્રાઇવ કરી દંડ ફટકારે છે. હજુ પરમદિવસે જ મિઠાઇ-ફરસાણના વેપારીઓને ત્યાં ચેકીંગના બહાને વેપારીઓને ત્યાં ગયા હતા. ટુંકમાં લોકોને-વેપારીઓને યેનકેન પ્રકારે હેરાન કરવાની અને તેને ટેન્શનમાં રાખવાની કામગીરીઓ તહેવારોમાં જ થઇ રહી છે.

દરેક કાયદાનું પાલન દરેક વ્યક્તિએ ચોક્કસ કરવું જ જોઇએ પરંતુ જે પ્રમાણે જડતાનો ઉપયોગ થઇ રહ્યો છે. અચાનક કામગીરી થઇ રહી છે. તહેવારોમાં જ કામગીરી થઇ રહી છે અને બજારની પરિસ્થિતિ અને મોંઘવારીની પરિસ્થિતિનો ખ્યાલ તંત્રને હોવા છતાં જે પ્રમાણે પ્રજા પર દાઝ્યા પર ડામ દેવા બરાબરની નીતિ-રીતિઓ અપનાવવામાં આવી રહી છે તેના કારણે લોકોમાં એક છુપો ભય પેદા થયો છે અને લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓએ પ્રજા હિતાર્થે આ મામલે આગળ આવવું જોઇએ. તંત્ર અને પ્રજા વચ્ચે વિશ્વાસનું વાતાવરણ ઉભુ થાય, લોકો ભયમુક્ત થઇને જીવી શકે તેવું વાતાવરણ ઉભુ કરવું જોઇએ તેવી લોકોની લાગણી છે.

## સુરતમાં સતત ત્રીજા દિવસે ગાઢ ધુમ્મસ યથાવત રહ્યું

**વહેલી સવારથી જ ધુમ્મસથી લો વિઝિબિલિટીના કારણે વાહન ચાલકોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો**



સુરત, શુક્રવાર

આજે સતત ત્રીજા દિવસે દક્ષિણ ગુજરાતમાં ગાઢ ધુમ્મસની ચાદર પથરાઈ છે. ધુમ્મસભર્યા વાતાવરણના કારણે સુરત એરપોર્ટ પર ફ્લાઈટ લેન્ડ કરાવવામાં પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે. પહેલાં દિવસ બે અને બીજા દિવસે ત્રણ ફ્લાઈટ ડાયવર્ટ કરવામાં આવી હતી. જ્યારે આજે પણ ગાઢ ધુમ્મસના કારણે ફ્લાઈટ ડાયવર્ટ કરવાની શક્યતાઓ રહેલી છે. વહેલી સવારથી જ ધુમ્મસથી લો વિઝિબિલિટીના કારણે વાહન ચાલકોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. સુરતમાં ત્રણ દિવસથી ધુમ્મસની ચાદર પથરાવાના

અનુસંધાન ૭

## નવરાત્રિ દરમિયાન રોમિયોગીરી કરતા ૧૨ લોકો ઝડપાયા, ૮૯૦ વાહનો જપ્ત

અમદાવાદ, શુક્રવાર

નવરાત્રિનું પાવન પર્વમાં યુવાધન હિલોળે ચઢ્યું છે ત્યારે ગઇકાલે બીજા નોરતે શહેરના વિવિધ વિસ્તારમાં રાસ-ગરબાની રમઝટ દરમ્યાન યુવતીઓની છેડતી કરતાં અને મોડી રાતે ઘેર પરત ફરી રહેલી યુવતીઓ સાથે રોમીયોગીરી કરતાં ૧૨ લોકોને મહિલા પોલીસની સ્કવોડે રંગેહાથ ઝડપી કાર્યવાહી હાથ ધરી હતી.

નવરાત્રિ દરમ્યાન રોડ પર જતી છોકરીઓની મશ્કરી કે છેડતી કરતા યુવકો સાવધાન થઇ જજો. કારણકે રોડ પર છેડતી કરતા અથવા તો અસભ્ય વર્તન કરતા યુવકોની સામે મહિલા પોલીસે લાલ આંખ કરી છે. નવરાત્રિના પ્રથમ દિવસે જ મહિલા પોલીસે રોડ પર રોમિયોગીરી કરતાં ૧૨ લોકોને ઝડપી પાડ્યા છે. નવરાત્રિ દરમિયાન ડિકોય ટીમે કાર્યવાહી હાથ ધરી છે. ટ્રાફિક પોલીસી કાર્યવાહી દરમિયાન શખ્સો રોડ પર જતી યુવતીઓની મશ્કરી અને છેડતી કરતા હતા. જેમા મહિલા પોલીસે સાત રોમિયોને ઝડપી પાડ્યા હતા સાથે જ રિવરફ્રન્ટ પોલીસે પણ પાંચ રોમિયોને ઝડપ્યા છે. બીજા નોરતે કુલ ૧૨ લોકોને ઝડપી પાડ્યા છે. હાલમાં મહિલા પોલીસે આ શખ્સોની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

આ ઉપરાંત અમદાવાદમાં શહેર તેમજ જિલ્લામાં હાલ ટ્રાફિકના મુદ્દે પોલીસ અને તંત્ર ગંભીર બન્યા છે. ટ્રાફિક પોલીસની નવરાત્રિમાં ટ્રાફિકની કાર્યવાહી દરમિયાન ૮૯૦ વાહનો પહેલા નોરતે ટોઇંગ કરાયા હતા. જેમા ટુ વ્હીલર ચાલકો પાસેથી ૨.૬૬ લાખ અને ફોર વ્હીલ ચાલકો પાસેથી ૪૯ હજારનો દંડ વસુલ્યો હતો. સાથે આ ઝડપાયેલા ૧૯ લોકો સામે ફરિયાદ કરી ૪૩ વાહનોને ડિટેઇન કરાયા છે. પોલીસની આ ઝુંબેશ થતાં હજુ ઘણા વાહનચાલકો સુધરતાં નથી જેની સામે પોલીસ વધુ કડકાઈથી કામ લઇ રહી છે. ઉલ્લેખનીય છે નવરાત્રિ દરમ્યાન મોડી રાતે ઘરે પરત ફરતી અથવા તો પાર્ટી પ્લોટમાં ગરબા રમતી યુવતીઓની છેડતી ન થાય તેમજ તેમની સુરક્ષા માટે મહિલા પોલીસ દ્વારા ડિકોય ટીમ અને પેટ્રોલિંગ ટીમ બનાવાઈ છે.

## ગુજરાતમાં ધારાસભ્યોના પગાર વધારા બીલને રાજ્યપાલે વિચારણા માટે અટકાવ્યું

**શિક્ષણ સુધારા, જીએસટી, નગરપાલિકા સુધારા અને બાયેટેકનોલોજી યુનિ. વિધેયકને રાજ્યપાલની મંજૂરી**



ગાંધીનગર, શુક્રવાર

વિધાનસભાના ચોમાસુ સત્રમાં સર્વાનુમતે પસાર થયેલું ધારાસભ્યોના પગાર વધારાનું બિલ રાજ્યપાલઓ.પી. કોહલી દ્વારા હજુ વિચારણા હેઠળ રખાયું છે. તે સિવાયના વિધેયકો મંજૂર કરાયા છે અને બે વિધેયક રાષ્ટ્રપતિને મોકલાયા છે. પગારવધારાના બિલ અંગે હજુ કોઇ નિર્ણય લેવાયો નહીં હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

ખેડૂતો અને પ્રજાના પ્રશ્નોને બાજુ પર રાખીને ભાજપ અને કોંગ્રેસે એક થઇને મંત્રીમંડળ અને ધારાસભ્યોના પગારમાં ૪૫ હજારનો જંગી વધારો કરી કુલડીમાં ગોળ ભાંગ્યો હતો. ધારાસભ્યોના પગાર વધારા મામલે સામાન્ય લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો અને સોશિયલ મીડિયાના માધ્યમથી લોકોએ ઊભરો ઠાલવ્યો હતો.

આ અંગેની કેટલીક રજૂઆતો રાજભવન સુધી પહોંચી હતી. ભાજપ- કોંગ્રેસ આ મુદ્દા પૂરતા એક થયા પરંતુ હજુ તેમની રાહ આસાન નથી. સપ્ટેમ્બરમાં મળેલી વિધાનસભાના બે દિવસના ચોમાસુ સત્રમાં ધારાસભ્યોના પગાર વધારા સહિત કુલ ૭ બિલ પસાર કરવામાં આવ્યા હતા. જે પૈકી ૪ બિલ માધ્યમિક-

અનુસંધાન ૭

## ભાવનગરમાં બુટલેગર ‘માંઢા’એ એક લાખનો દારૂ ગટરમાં રાખ્યો હતો !

**આર.આર. સેલનો કાફલો ત્રાટક્યો, દારૂ સહિત બે વાહનો પણ કબ્જે કર્યા : માંઢાએ કહ્યું, મારી સાથે ત્રણ બીજા બુટલેગરો પણ છે લખો નામ અને એને ભાગતા દેખાડો**

ભાવનગર, શુક્રવાર

ભાવનગર રેન્જ આઇજીપી હેઠળની આર.આર. સેલની પોલીસે ચિત્રા જીઆઇડીસીમાં આવેલ રજવાડી રોડ ઉપર પૂર્વ બાતમીના આધારે દરોડો કર્યો. જેમાં આ રોડ ઉપર ગટરની અંદર દારૂની બોટલો સંતાડીને વેપલો કરનાર ચાર બુટલેગર પૈકી એકની ધરપકડ કરી હતી અને બાકીના ત્રણ ભાગી જવા પામ્યા હતા. આર.આર. સેલની પોલીસે બે એકટીવા વાહનો અને વિદેશી દારૂની ૯૮ બોટલો કબ્જે કરીને રૂા.૧.૧૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરેલ છે.

આ અંગે મળતી વિગતો અનુસાર, ચિત્રા જીઆઇડીસીમાં આવેલ રજવાડી રોડ ઉપરથી આર.આર. સેલની પોલીસે દેસાઇનગરમાં રહેતા જગદિશ ઉર્ફે માંઢો બળવંતભાઇ બારડને ઝડપી લેતા તેણે વિદેશી દારૂની બોટલ ગટરમાં સંતાડી દીધી છે તેમ જણાવતા પોલીસે ગટરમાંથી વિદેશી દારૂની ૯૮ બોટલો કબ્જે કરી હતી તેમજ પોલીસે જગદિશ બારડના કબ્જામાંથી બે વાહનો કબ્જે કર્યા હતા. પોલીસ સમક્ષ જગદિશ બારડે જણાવ્યું હતું કે, તેની સાથે આ ધંધાની અંદર ભરતભાઇ ભુપતભાઇ માધર (રે.નિર્ભય સોસાયટી), હરપાલસિંહ ઝાલા (રે.ફુલસર કર્મચારીનગર) અને સંજયસિંહ ઉર્ફે ભાણુભા સહદેવસિંહ સરવૈયા (રે.નિર્ભય સોસાયટી) સંકળાયેલા છે. આર.આર. સેલની પોલીસે ચાર બુટલેગરો સામે ડી ડીવીઝન પોલીસ મથકમાં ગુનો દાખલ કરાવ્યો છે. જેમાં જગદિશ બારડની ધરપકડ થઇ અને ત્રણ આરોપીઓને ફરાર બતાવેલ છે.